ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



# વીજચોરી કરતાં 52 કનેક્શન કપાયાં

**કોસંબા,** તરસાડી, મહુવેજ અને કુંવારદામાં દરોડા

**41** અધિકારીની ટીમે 57 લાખનો દંડ ફટકાર્યો

હથોડાઃ કોસંબા તરસાડી કુંવારદા અને મહુવેજ ખાતે વીજકંપનીના અધિકારીઓ દ્વારા વહેલી સવારે આકસ્મિક ચેકિંગ હાથ ધરી કાર્યવાહી કરાતાં વીજચોરોમાં ફફડાટ ફેલાયો હતો.

ઉપરોક્ત વિસ્તારમાં ડીજીવીસીએલ દ્વારા વિજિલન્સની અલગ અલગ 41 જેટલી ટીમ બનાવી કુલ 1035 જેટલા કનેક્શન ચેક કરવામાં આવ્યાં હતાં, જેમાં 52 જેટલાં કનેક્શનમાં ચોરી પકડાઇ હતી. પકડાયેલાઓને રૂપિયા 57.34 લાખનો દંડ ફટકાર્યો હતો.


ઈબ્રાહીમ કાનુ

ઉપરોક્ત વિસ્તારમાં વહેલી સવારે કાર્યવાહી થતાં કેટલાક વીજ ચોરો સૂતેલા ઝડપાયા હતા. કાર્યવાહીમાં કોસંબા સહિત હાંસોટ બરોડા વગેરે ડીજીવીસીએલના કર્મચારીઓએ કામગીરી હાથ ધરી હતી. આ વિસ્તારમાં ડીજીવીસીએલ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીના કારણે ભારે ફફડાટ ફેલાયો હતો. ચોરીમાં વપરાયેલા ગેરકાયદે વાયર અને સાધનો જપ્ત કરી કનેક્શન તાત્કાલિક અસરથી કાપી નાંખવામાં આવ્યાં છે.

## દંડ નહીં ભરે તો પોલીસ કેસ

પકડાયેલા તમામ 52 વીજ ગ્રાહકો સામે ઇલેક્ટ્રિસિટી એક્ટ-2003ની કલમ 135 મુજબ ગુનો નોંધી દંડ ભરવાની નોટિસ આપવામાં આવી છે. નિશ્ચિત સમયમર્યાદામાં દંડ ન ભરાય તો કાયદાકીય કાર્યવાહી અને પોલીસ કેસની પ્રક્રિયા હાથ ધરાશે.

## લાઇન લોસ ઘટાડવાનો હેતુ

માંગરોળ તાલુકામાં છેલ્લાં ઘણાં વર્ષોથી વીજચોરી થતી આવી છે. આવી ઘટનાઓને ધ્યાને લઈ કાર્યવાહી પણ કરાય છે. છતાં વીજચોરો સુધરતા નથી. DGVCL દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે લાઇન લોસ ઘટાડવા અને પ્રામાણિક ગ્રાહકોને પૂરતા વોલ્ટેજ સાથે ગુણવત્તાયુક્ત વીજળી પહોંચાડવા માટે આગામી સમયમાં પણ આવી સરપ્રાઇઝ ડ્રાઇવ ચાલુ રાખવામાં આવશે.

## વિગત કાર્યવાહી

**વિસ્તારો કોસંબા, તરસાડી, કુંવારદા, મહુવેજ**

| | |
|---|---|
| તૈનાત ટીમો | 41 ટીમ |
| ચેકિંગ | 1,035 કનેક્શન |
| વીજચોરી મળી 52 કનેક્શન | |
| દંડ | 57.34 લાખ |

# નિઝરમાં યુવકના બેંક ખાતામાંથી રૂ.86 હજારની ઓનલાઈન છેતરપિંડી

કુકરમુંડાઃ નિઝરના વલ્લભનગર ફળિયામાં આવેલા સરકારી કુમાર છાત્રાલયમાં રહેતા એક યુવકના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સ દ્વારા કુલ રૂ.86,800નું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવામાં આવતાં નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ ફરિયાદી જીગ્નેશભાઈ છગનભાઈ વસાવા (ઉં.વ.30) વ્યવસાયે કમ્પ્યુટર ઓપરેટર છે અને મૂળ ઉચ્છલના મોગરાણ ગામના વતની છે, તેઓ હાલ નિઝરના સરકારી કુમાર છાત્રાલયમાં રહે છે. તા.19/10!2026ના રોજ બપોરે 2થી 2:50 વાગ્યાની વચ્ચે તેમનો મોબાઈલ ફોન હેંગ થઈ સ્વીચ ઓફ થઈ ગયો હતો. બાદ તેમની જાણ બહાર બેંક ખાતામાંથી કુલ રૂ.86,800નું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન થઈ ગયું હતું.

# 20 રૂપિયાનાં ફૂલ લેવા આવેલો ઠગ દાદીને ‘ફુલ’ બનાવી ગયો

**જંબુસરમાં** ધોળા દિવસે પાલિકાના પૂર્વ પ્રમુખનાં સાસુ સાથે ઠગાઇ



ભરૂચઃ જંબુસર નગરમાં ધોળા દિવસે એક શાતિર ઠગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખનાં સાસુને ભોળવીને 4 તોલા સોનાની બંગડી અને રૂ.5,000 રોકડ મૂકી કુલ કિંમતની માલમત્તા પલકારામાં ઉઠાવી લીધી હતી. આ ઘટના જંબુસર પોલીસ ચોકીથી માત્ર 100 મીટરના અંતરે બની હોવાથી ચર્ચાનું કેન્દ્ર બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જંબુસર નગરપાલિકાના પૂર્વ પ્રમુખનાં સાસુ તેમની ફૂલની દુકાને બેઠાં હતાં. તે સમયે એક અજાણ્યો વ્યક્તિ ત્યાં આવ્યો અને રૂ.20નાં ફૂલ માંગ્યાં હતાં. દુકાને એકાંત હોવાનો લાભ લઈને અજાણ્યા વ્યક્તિએ વૃદ્ધાને રૂ.5,000 રોકડ આપીને તે રકમ ફૂલની ટોપલીમાં રાખવા જણાવ્યું હતું. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ ઠગે શરત મૂકી કે તમે હાથમાં પહેરેલી સોનાની બંગડીઓ ઉતારીને ટોપલીમાં મૂકી દો. વૃદ્ધાએ નિર્દોષ ભાવે બંગડીઓ ઉતારીને ટોપલીમાં મૂકી દીધી હતી. આ દરમિયાન શાતિર ઠગે નજર ચૂકવીને ટોપલીમાં મૂકેલા રૂ.5,000 અને 4 તોલા સોનાની બંગડીઓ પલકારામાં લઈને ફરાર થઈ ગયો હતો.

આ ઘટના પોલીસ ચોકીથી માત્ર 100 મીટરના અંતરે બની હોવાથી લોકોમાં કુતૂહલ વ્યાપી ગયું છે. ઘટનાને લઈને હજુ સુધી ફરિયાદ દાખલ થઈ નથી, પરંતુ જંબુસર નગર માટે ધોળા દિવસે બનેલી આ ઘટના ચિંતાનો વિષય બની છે.

# ઉમરગોટમાં કતલખાને લઈ જવાતાં 9 પશુને બચાવાયાં

વાંકલઃ ઉમરપાડાના ઉમરગોટમાં પોલીસે મહિન્દ્રા મેક્સ પિકઅપ ગાડી નં.(GJ-08-Z-0891)માંથી ૪ ગાય, ૪ વાછરડાં અને ૧ બળદ મળી ૯ પશુને કતલ અર્થે લઈ જવાતા બચાવી લીધા હતા. પોલીસે પશુઓ કિં.રૂ.૬૨,૦૦૦, પિકઅપ ગાડી કિં.રૂ.૨ લાખ અને બે મોબાઈલ કિં.રૂ. ૨૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૮૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે ઈમ્તીયાઝખાન ફારૂખખાન પઠાણ (રહે.,સેલંબા, તા.સાગબારા), મોહમદ હરીશ મોહમદ રફીક મકરાણી (રહે.,અક્કલકૂવા, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર), એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ઝડપી પાડ્યા છે. જાહીદ હુસેન ઉર્ફે કાલિયા જાકીર હુસેન મકરાણી (રહે.,અક્કલકૂવા, મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરાયો છે.

# સણવલ્લા ગામમાં રૂ.૧૬.૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**SMCની** કાર્યવાહીમાં કુલ રૂ.૪૦.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

અનાવલઃ સ્ટેટ મોનિટરિંગ ટીમે અંબિકાના ટંકલ-સણવલ્લા રોડ પર અંબિકા નદીના પુલ અને સણવલ્લા ચોકડી વચ્ચે દારૂની રેઈડ કરી હતી.

આ દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂની ૧૫૩ પેટીઓ (આશરે ૫,૨૬૧ બોટલ) જપ્ત કરી હતી, જેની કિં. રૂ.૧૬,૩૩,૭૨૫ થાય છે. દારૂના જથ્થા સાથે પોલીસે ૩ વાહન તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૪૦,૮૪,૩૭૫નો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન સ્થળ પરથી એક આરોપી કપિલ બ્રિજેશભાઈ યોગી (રહે.,નાની દમણ)ની અટકાયત કરવામાં આવી છે. પોલીસ તપાસમાં આ સમગ્ર ગેરકાયદે નેટવર્કમાં અન્ય ૧૦ આરોપી પણ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે, જેમાં સ્નેહલ ઉર્ફે ભૂરી પટેલ (રહે.,દમણ), અંકુર ઉર્ફે રાની ભૂપતભાઈ ઠાકોર (રહે.,નોગામા), વિનોદ રામા પટેલ (રહે.,કોચરવા), અસીમ નિઝામુદ્દીન ઉર્ફે નિઝામ શેખ (રહે.,ખેરગામ), થોમસન ઉર્ફે રાજા પટેલ (રહે.,નાની દમણ), રિદ્ધેશ પટેલ (રહે.,ઉદવાડા), વિરલ પટેલ (રહે.,નાની દમણ), ‘ચાગુ’ તરીકે ઓળખાતી વ્યક્તિ, ભદ્રેશ પટેલ (રહે.,નાની દમણ) તેમજ કીમ ખાતે દારૂનો જથ્થો મંગાવનાર એક અજાણ્યો ઈસમ સામેલ છે. આ તમામ ૧૦ આરોપીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.


મેહુલ પટેલ

# વાંકલ પંથકમાં જંગલી ભૂંડોના ત્રાસથી તુવેરના પાકને નુકસાન

**તુવેરનો** પાક જડમૂળથી નષ્ટ, ખેડૂતો રાત્રે જાગવા મજબૂર

વાંકલઃ માંગરોળના વાંકલ ગામના ગામીત ફળિયા વિસ્તારમાં જંગલી ભૂંડના ત્રાસથી સ્થાનિક ખેડૂતો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. વાંકલ ગામના ખેડૂત જગદીશભાઈ વસાવા અને અમરતભાઈ વસાવાના ખેતરમાં વાવેતર કરાયેલા તુવેરના પાકને ડુક્કરોએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. રાત્રિના સમયે ૩૦થી ૩૫ જેટલા ભૂંડોનું આખું ટોળું એકસાથે ખેતરોમાં આવી ચઢે છે. આ ડુક્કરો તુવેરના ઊભા છોડને જડમૂળમાંથી ઉખાડી નાંખી તેના મૂળિયાં ખાઈ જાય છે, જેના કારણે લીલોછમ અને તૈયાર થવાના આરે આવેલો આખો પાક નાશ પામી રહ્યો છે. કીમતી પાકને બચાવવા માટે ખેડૂતો રાત્રિના બે-બે વાગ્યા સુધી ખેતરોમાં ઉજાગરા કરી, જાગતા રહી પાકની રખવાળી કરવા મજબૂર બન્યા છે. તેમ છતાં ભૂંડોનાં મોટાં ટોળાં સામે ખેડૂતો લાચાર બની રહ્યા છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે, મોંઘાં બિયારણ, ખાતર અને રાત-દિવસની મહેનત બાદ તૈયાર થયેલો પાક આંખ સામે નષ્ટ થઈ રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ પીડિત ખેડૂતોએ તંત્ર પાસે માંગ કરી છે કે વહેલી તકે આ વિસ્તારમાં ભૂંડોને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવે.

# તેનમાં દીકરીને જન્મ આપી ઘરે પહોંચેલી માતાનું મોત

**ગળામાં** દુખાવો ઉપડ્યા બાદ નવજાત શિશુની માતાનું મોત થતાં પરિવારમાં શોક

બારડોલીઃ બારડોલીના તેન ગામની સોસાયટીમાં રહેતી મહિલાએ બાળકીને જન્મ આપ્યા બાદ હોસ્પિટલમાંથી રજા મળતાં ઘરે પહોંચતાં જ મહિલાનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ બારડોલીના તેન રોડ પર આવેલી સનસિટી હાઈટ્સમાં અને મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના ચાલીસ ગામના વતની આશિષ મોહનભાઇ સંઘવી તેમના પરિવાર સાથે રહી ગુજરાન ચલાવે છે. આશિષ સંઘવીની 33 વર્ષીય પત્ની સાક્ષીબેનને પ્રસવ પીડા ઉપડતાં તેમને 17 ઓક્ટોબરના રોજ બારડોલી સ્ટેશન રોડ ઉપર આવેલી જનતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં સીઝર પ્રસૂતિ દરમિયાન તેમણે એક બાળકીને જન્મ આપ્યો હતો. બાદ તા.21 ઓક્ટોબરે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેથી સાક્ષીબેન બાળકી સાથે ઘરે પહોંચ્યાં હતાં.

ત્યારબાદ રાત્રિના 8:30 વાગ્યાની આસપાસ તેમના જમણી બાજુના ગળાના ભાગે દુખાવો થતાં ગળાના ભાગે સોજો આવી ગયો હતો અને ગળું ફૂલી જતાં તેમને 108 મારફતે સરદાર હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યાં હતાં. જોકે, ત્યાં ફરજ ઉપર હાજર તબીબે જોઈ તપાસી સાક્ષીબેનને મૃત જાહેર કર્યાં હતાં. આ બનાવ અંગેની જાણ થતાં બારડોલી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અંકલેશ્વર નગર પાલિકાના કારોબારી ચેરમેન રાહુલ વામજાના ઘરમાં ચોરી

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના હાંસોટ રોડ પર આવેલા મોદીનગર અને કૃષ્ણનગર વિસ્તારમાં તસ્કરોએ રાત્રિના અંધકારનો લાભ લઈ પાંચ મકાનનાં તાળાં તોડ્યાં હતાં. આ પૈકી એક મકાનમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. અંકલેશ્વર નગરપાલિકાના કારોબારી ચેરમેન રાહુલ વામજાના નિવાસ સ્થાનને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું હોવાની આધારભૂત માહિતી મળી છે. પ્રાપ્ત માહિતી અનુસાર હાંસોટ રોડ પર આવેલા મોદીનગર અને કૃષ્ણનગર વિસ્તારમાં તસ્કરોએ રાત્રિના સમયે એકસાથે પાંચ મકાનનાં તાળાં તોડ્યાં હતાં. તસ્કરોએ મકાનોમાં પ્રવેશ કરી ચોરીનો પ્રયાસ કર્યો હતો, જેમાં એક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# વાગરામાં ટેન્કર અને બાઈક અથડાતાં બે યુવકનાં મોત

**અકસ્માતને** પગલે માર્ગ પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઇ



ભરૂચઃ વાગરા-પીસાદ માર્ગ પર પેટ્રોલ પંપ નજીક ટેન્કર અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં બાઇક સવાર એક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બીજા યુવકે સારવાર દરમિયાન દમ તોડતાં સુતરેલ ગામમાં શોકાતુર માહોલ સર્જાયો હતો.

તા.21 ઓક્ટોબરે રાત્રિના આશરે 10:15 વાગ્યાના અરસામાં વાગરા ગામથી પીસાદ ગામ તરફ જવાના માર્ગ પર આવેલી એચ.પી. પેટ્રોલ પંપથી આગળના વળાંક પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ સમયે ટેન્કર નં.(GJ-18-AZ-5090)ના ચાલકે પોતાનું ટેન્કર પૂરઝડપે હંકારી બાઈક નં.(GJ-16-EE-9024) સાથે ટક્કર મારી હોવાની ફરિયાદમાં વિગતો દર્શાવવામાં આવી છે. ટક્કર એટલી ભયાનક હતી કે ટેન્કર બાઇકને અંદાજે 100 ફૂટ સુધી ઘસડી ગયું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું હતું. અકસ્માત સર્જી ટેન્કર ચાલક વાહન સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં સુતરેલ ગામની નવી નગરીના રહેવાસી પ્રકાશભાઈ રવજીભાઈ વસાવા અને દિનેશભાઈ રમેશભાઈ વસાવાને ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં એકનું સ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજા ભાઈને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું પણ મોત થતાં પરિવારે બીજા સ્વજનને પણ ગુમાવ્યો હતો. બે યુવકનાં મોતથી પરિવારો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# સાંકળીમાં જમીન મુદ્દે પુત્રનો પિતા ઉપર દાતરડાથી હુમલો

**પિતાએ** હાલ ખેડી લેવા દે, પછી ભાગ પાડીશું કહેતા પુત્રએ હુમલો કર્યો, પિતા ગંભીર હાલતમાં સારવાર હેઠળ

ચિકદાઃ ડેડિયાપાડાના સાંકળી ગામે પુત્રએ પિતા પર દાતરડા વડે હુમલો કર્યો હતો.

ડેડિયાપાડાના સાંકળી ગામના પટેલ ફળિયામાં રહેતા ગંભીરભાઈ નાયકાભાઈ વસાવા ગત ૨૧ ઓક્ટોબરે વહેલી સવારે આશરે ૮ વાગ્યે પોતાની સરવે નં.૧૧૧ વાળી જમીનમાં શિયાળુ પાક તુવેરની વાવણી માટે ટ્રેક્ટરથી ખેડાણ કરાવી રહ્યા હતા. એ સમયે તેમનો મોટો પુત્ર દિલીપ ત્યાં આવી પહોંચ્યો હતો અને ખેતરના અડધા ભાગમાં જ ખેડાણ કરવા બાબતે જીદ કરવા લાગ્યો હતો. પિતા ગંભીરભાઈએ હાલ ખેડાણ થવા દેવા અને બાદમાં બંને ભાઈને સરખા ભાગ પાડી આપવાનું કહેતાં ઉશ્કેરાયેલા દિલીપે ઘરમાંથી દાતરડું લાવી પિતાને કહેતો હતો કે, આજે તને જીવતો નહીં રહેવા દઉં, મારી જ નાંખવાનો છું. બાદ દાતરડાથી પિતા પર હુમલો કરી દીધો હતો. દિલીપે પિતા ગંભીરભાઈના માથાના ભાગે, જમણા હાથની કોણી ઉપર અને બરડામાં દાતરડાના ઊંડા ઘા ઝીંકી દેતાં તેઓ રક્તરંજિત હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. બૂમાબૂમ થતાં આસપાસના લોકો ભેગા થઈ જતાં આરોપી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો.

ઈજાગ્રસ્ત પિતાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ ડેડિયાપાડા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજપીપળા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. નાના પુત્ર દીપસિંગભાઈ વસાવાની ફરિયાદના આધારે ડેડિયાપાડા પોલીસે આરોપી દિલીપ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિત્રાવાડીમાં સળગતા ઘાસનો ફોટો પાડનારા ખેડૂત પર હુમલો

**ઢીક્કાપાટુ** અને લાકડી વડે હુમલો કરનારા બે સામે ફરિયાદ

રાજપીપળાઃ રાજપીપળાના મોટા માછીવાડ વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય ખેડૂત ભરતભાઈ ઈશ્વરભાઈ માછી તા.૨૦/૧૦/૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યાના સુમારે ચિત્રાવાડીમાં પોતાના ખેતરે ગયા હતા. ત્યાં તેમના ખેતરની બાજુમાં આવેલી અને વિવાદાસ્પદ જમીનમાં ઘાસમાં આગ લાગી હોવાથી ભરતભાઈ પોતાના મોબાઈલથી તેનો ફોટો પાડી રહ્યા હતા. દરમિયાન વિવાદાસ્પદ જમીનના માલિક હીરાભાઈ કાલીદાસ માછી અને સુરેશભાઈ હીરાભાઈ માછી (બંને રહે.,નવા ફળિયા, રાજપીપળા) ત્યાં આવી પહોંચ્યા હતા અને ગાળો આપવા લાગ્યા હતા. ભરતભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા હીરાભાઈ માછીએ તેમના હાથમાં રહેલી લાકડીના બે-ત્રણ સપાટા ભરતભાઈના બરડાના ભાગે મારી દીધા હતા, જેથી તેઓ નીચે પડી ગયા હતા. બાદ બંને આરોપીએ ભેગા મળી તેમને ઢીક્કાપાટુનો માર માર્યો હતો અને “હવે પછી ફોટા પાડ્યા તો જાનથી મારી નાંખીશું” તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

ઘટના બાદ ભરતભાઈએ પરિવારજનોને જાણ કરતાં તેમને સારવાર અર્થે રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે ભરતભાઈ માછીની ફરિયાદના આધારે આરોપીઓ હીરાભાઈ માછી અને સુરેશભાઈ માછી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ રામજીભાઈ ભીમજીભાઈ મકવાણાએ હાથ ધરી છે.

## નિવિદા નં.૦૬ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા અને મ) પેટા વિભાગ નં.૨, સુરત દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત. ફોન નંબર : ૨૪૬૩૦૪૬ સુરત હસ્તકના મકાન મરામતના કામો નંગ-૧૦ જેની અંદાજી કિંમત રૂા. ૩.૦૦ લાખ સુધીની છે. જેના ઈ૧ કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ફી ભર્યેથી આપવાની છેલ્લી તા.૨૭/૧૦/૨૦૨૬ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ ભરેલા ટેન્ડર આર.પી.એ.ડી. થી સ્વીકારવાની છેલ્લી તા. ૦૨/૧૧/૨૦૨૬ રહેશે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. બાનાની રકમ વિનાના, શરતી તેમજ મુદત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

ક્રમાંક . માહિતી-સૂરત/૭૮૪/૨૦૨૬

## જાહેર નોટીસ

નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા)
(આખરી યોજનાની કામચલાઉ મુલ્યાંકન દરખાસ્ત અંગે)

નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા) સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં મોજેઃસાણીયાહેમાદના બ્લોક નં.૪૮/બી/પૈકી, ૪૮/સી/પૈકી, ૫૦, ૫૬, ૫૭, ૫૮, ૫૯/એ, ૫૯/બી, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬/પૈકી, ૬૭/બી/પૈકી, ૭૫/પૈકી, ૭૬, ૭૭/એ, ૭૭/બી, ૭૭/સી, ૭૮, ૭૯, ૮૦/એ, ૮૦/બી, ૮૧, ૮૨, ૮૩, ૮૪/એ, ૮૪/બી, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૧૧૪/પૈકી+૧૧૪/પૈકી, ૧૧૫/પૈકી, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦/એ, ૧૨૦/બી, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭/એ+૧૨૭/બી, ૧૨૮/પૈકી, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨/પૈકી, ૧૩૪/પૈકી, ૧૩૫/પૈકી, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧/એ, ૧૪૧/બી, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪/એ, ૧૫૪/બી, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮,૧૫૯/પૈકી, ૧૬૦/પૈકી, ૧૬૧, ૧૬૨/એ, ૧૬૨/બી, ૧૬૩/પૈકી, ૧૬૪/પૈકી. મોજેઃકોસમાડાના બ્લોક નં.૨૩૪/પૈકી, ૨૩૫/પૈકી,૨૩૭/એ, ૨૩૭/સી/પૈકી, ૨૩૮/એ, ૨૩૮/સી, ૨૩૯/એ, ૨૪૦/એ,૨૪૦/સી, ૨૪૧/એ/૧, ૨૪૧/બી, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩/એ, ૨૫૩/બી, ૨૫૪, ૨૫૫, ૨૫૬/એ/પૈકી, ૨૬૯/પૈકી, ૨૭૦, ૨૭૧/એ/પૈકી, ૨૭૧/બી/પૈકી, ૨૭૨, ૨૭૩, ૨૭૪/૨, ૨૭૪/૩, ૨૭૪/૧, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૮૪/બી, ૨૮૨/બી/પૈકી, ૨૮૬, ૨૮૭/પૈકી, ૨૮૭/પૈકી, ૨૮૯/પૈકી, ૨૯૦/પૈકી મોજેઃછેડછાના બ્લોક નં.૧૬/એ, ૧૭/એ+૧૭/બી, ૧૮/એ, ૧૯, ૨૦/એ/૧, ૨૦/એ/૩,૨૦/બી/૧, ૨૦/બી/૩, ૨૧/એ/૧, ૨૧/બી, ૨૨, ૨૩, ૨૪/એ/પૈકી, ૨૪/એ/પૈકી, ૨૪/બી, ૨૫/પૈકી, ૨૯/પૈકી, ૩૦/પૈકી, ૩૧/એ/પૈકી તથા ખાડી, કેનાલ, મારગ તથા ભારતીય રેલ્વે (મોજેઃકોસમાડા ના બ્લોક નં.૨૩૭/બી, ૨૩૮/બી, ૨૩૯/બી, ૨૪૦/બી, ૨૪૧/એ/૨, ૨૫૬/બી/પૈકી, મારગ તથા મોજેઃછેડછા ના બ્લોક નં.૧૬/બી, ૧૮/બી, ૨૦/એ/૨, ૨૦/બી/૨, ૨૧/એ/૨, ૩૧/બી, મારગ) વાળી જમીનનો સમાવેશ થાય છે.

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલ વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઇ તેમજ નગર રચના યોજના થવાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંબધિત ખંડને જે લાભ મળશે તે વિચારી મૂળખંડની કિંમતનો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતના દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્તો ઘડવામાં આવેલ છે.આ બાબતે સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરી તા.૨૧/૧૦/૨૦૨૬ અને તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રૂબરૂ સુનવણી યોજવામાં આવેલ. તેમ છતાં તેઓના ખરા સરનામાંના અભાવે અથવા અન્ય કારણોસર નોટીસ બજેલ ના હોય અથવા રૂબરૂ સુનવણીમાં હાજર રહી શકેલ ન હોય તો તે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની દિન-૦૭ માં અત્રેની કચેરીએ તૈયાર કરેલ આખરી યોજનાની દરખાસ્તોની વિગતો સમજી લઇને ઉપરોકત સૂચિત કિંમતના દરો/બાંધકામ વળતર અંગેની રજૂઆત જરૂરી દસ્તાવેજો, આધાર-પુરાવાઓ સહ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન લેખિતમાં નીચે સહિ કરનાર અધિકારી સમક્ષ રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

સ્થળઃ સુરત
તા.૨૨/૧૦/૨૦૨૬ (સહી/-)
કચેરીનું સરનામું:- (કે.ડી.પટેલ)
સુરત નગર રચના યોજના એકમ-૧, નગર રચના અધિકારી અને
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, પ્રવર નગર નિયોજક,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે, સુરત નગર રચના યોજના એકમ-૧,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭, સુરત.
Email:stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંકઃમાહિતી-સૂરત/૭૮૭/૨૦૨૬